સુવિચાર : જગત હંમેશા સફળ લોકોના વિચારો જ માને છે, જો તમે સફળ નહીં હોય તો કોઈ તમારી વાત નહીં માને - ધર્મસૂત્ર

તાપમાન
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૮૨ | ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૫, શનિવાર ; શ્રાવણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ૪૦ કરોડ ડોલરમાં ૧૦ હેરોન ટીપી ઈઝરાયલી ડ્રોન ખરીદાશે
- વિકાસકામ રોકનારને જનતા ક્યારેય માફ નહીં કરે : મોદી
- તમામ વ્યાપમ કેસોને હાથ ધરવા સીબીઆઈને આદેશ
- ગેહલોત, સચિન પાયલોટ સામે અંતે કેસ દાખલ થયા
- શેરબજાર અંતે ફ્લેટ : ૨૭ પોઈન્ટનો નોંધાયેલો ઘટાડો
- હવે ચાર પૈકી એક ભારતીય મુસ્લિમ હજ પર જઇ શકશે
- બિહારમાં એનડીએને સ્પષ્ટ બહુમતિ મળે તેવી સંકેત
- ધુમ્મસની સ્થિતીમાં રાજધાની અને શતાબ્દી પણ દોડશે નહી
- હવે મોનસુન સત્રનુ રાજ્યોમાં પુનરાવર્તન કરવા કોંગી તૈયાર
- ભારતમાં ચાર ટેસ્ટ મેચોની શ્રેણી ખૂબ પડકારરૂપ રહેશે

# પાક સરહદે હેન્ડવારામાં અથડામણ



### કાશ્મીરમાં બે જવાન શહીદ, ૪ ત્રાસવાદીઓ મોતને ઘાટ : હાફિજ સઈદ સરહદી વિસ્તારોમાં જોવા મળ્યો હોવાના અહેવાલ : પાકિસ્તાની સેનાની મદદથી ઘુસણખોરી થઈ

શ્રીનગર,તા. ૧૧

જમ્મુ કાશ્મીરના હેન્ડવારા જિલ્લાના લારીબલમાં ત્રાસવાદીઓ સાથે ભીષણ અથડામણનો અંત આવ્યો છે.આ અથડામણમાં ચાર ત્રાસવાદીઓ માર્યા ગયા છે. સેનાના બે જવાનો પણ શહિદ થયા છે. માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. સેના અને આતંકવાદીઓ વચ્ચે ગુરુવારના દિવસે અથડામણની શરૂઆત થઈ હતી. અથડામણની શરૂઆત એ વખતે થઈ હતી જ્યારે દિલ્હીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ડીજી સ્તરની વાતચીત થઈ હતી. ગુપ્તચર સંસ્થાઓને માહિતી મળી હતી કે, કાશ્મીરના વિસ્તારમાં વધુ આતંકવાદીઓ હોઈ શકે છે. ૧૫ દિવસ પહેલાં જમાત-ઉલ-દાવાના લીડર હાફિજ સઈદને સરહદ સાથે જોડાયેલા વિસ્તારમાં જોવામાં આવ્યો હતો. એ વખતે એવી શંકા વ્યક્ત કરાઈ હતી કે, પાકિસ્તાની સેનાની મદદથી ત્રાસવાદીઓ કાશ્મીરમાં ઘુસણખોરી કરી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સૌરાષ્ટ્રમાં વરસાદ : ખુશીનો માહોલ

### સોમનાથ, માણાવદર, કેશોદ, ખાંભામાં વરસાદ : રાજકોટ, અમરેલી અને જુનાગઢના અનેક ભાગોમાં ભારે પવન સાથે વરસાદ : ખેડૂત સમુદાયમાં ખુશી

અમદાવાદ, તા.૧૧

વરસાદ ખેંચાઈ જવાના અહેવાલ વચ્ચે ગુજરાતના વિવિધ ભાગોમાં વરસાદી માહોલ ફરી એકવાર જામી ગયો છે. ગુજરાતના જુદા-જુદા ભોગમાં ફરી એકવાર વરસાદ પડતાં તર્ક વિતર્કોનો દોર શરૂ થયો છે. સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થયો છે. જુનાગઢના વિવિધ ભાગોમાં બે ઈંચ જેટલો વરસાદ થયો છે. માણાવદરમાં પણ દોઢ ઈંચથી પણ વધારે વરસાદ થયો છે. સાસણગિરમાં પણ દોઢ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ગીર-સોમનાથ, માણાવદર, કેશોદ, ખાંભામાં વરસાદ પડતાં ખેડૂતોમાં ફરીથી ખુશીનું મોજું ફરી વળ્યું છે. સૌરાષ્ટ્રના જુદા-જુદા ભાગોમાં છુટોછવાયો વરસાદ થયો છે. તાપમાનમાં ફરી એકવાર ફેરફાર થયો છે.

રાજકોટના જેતપુરમાં ગાજવીજ સાથે વરસાદ થયો છે. માણાવદરમાં પવન સાથે વરસાદ પડ્યો છે. રાજુલામાં પણ વરસાદ નોંધાયો છે. અમરેલીમાં ધોધમાર વરસાદ નોંધાયો છે. વિજળી પડવાના બનાવમાં માણાવદરમાં એકનું મોત થયું છે.

ગીરગઢડા તાલુકા પંથકનાં ગીર વિસ્તારમાં ત્રીજા દિવસે સતત

● અનુસંધાન પાન-૭ પર



# મુંબઈ ટ્રેન બ્લાસ્ટ પ્રકરણે ૧૩ પૈકી ૧૨ અપરાધી જાહેર

### સાત આરડીએક્સ બૉંબ બ્લાસ્ટના ૯ વર્ષ બાદ ચુકાદો જાહેર : આજમ ચીમા અને અન્ય ૧૪ હજુ ફરાર સજાની જાહેરાત ૧૪મી સપ્ટેમ્બરે કરવામાં આવશે

મુંબઈ,તા. ૧૧



મુંબઈ ઉપનગરીય ટ્રેનમાં ૧૧મી જુલાઈ ૨૦૦૬ના દિવસે થયેલા સાત આરડીએક્સ બૉંબ બ્લાસ્ટના સંદર્ભમાં ખાસ મકોકા કોર્ટે ૧૩ આરોપી પૈકીના ૧૨ને અપરાધી ઠેરવ્યા હતા. જ્યારે એકને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. ચુકાદો આપતા ખાસ મકોકા કોર્ટના ન્યાયાધીશ યતીન ડી શિન્દેએ ૧૨ને દોષિત ઠેરવતા કોર્ટમાં સોપો પડી ગયો હતો. જ્યારે અન્ય એક આરોપી અબ્દુલ વાહિબ શેખને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. દોષિત ઠેરવવામાં આવેલ ૧૨ આરોપીઓમાં કમાલ અહેમદ અંસારી, તનવીર અહેમદ અંસારી, મોહમ્મદ ફૈઝલ શેખ, સિદિકી, મોહમ્મદ માજિદ શેખ, શેખ આલમ શેખ, મોહમ્મદ સાજિદ અંસારી,

● અનુસંધાન પાન-૭ પર

**પ્રવેશ જાહેરાત**
બી.એડ. પ્રવેશ
(છેલ્લી તા. ૧૨-૯-૨૦૧૫)
માર્ગદર્શન માટે સત્વરે સંપર્ક કરો
મો. : ૯૪૨૮૮ ૦૭૬૨૮

**બ્રાહ્મણ પરિવારો માટે**
અમદાવાદ મુકામે વિશાળ
જીવન સાથી પસંદગી મેળો
તા. ૨૯-૧૧-૨૦૧૫, રવિવાર
રજી.ની છેલ્લી તા.૨૦-૯-૨૦૧૫
રજી. કરાવી સ્પોટ ૧૦૦૦ ડેટાની બુકલેટ મેળવો.
રાવલભાઇ 7359384183

